ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨

ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૩/૨૨-૨૩/ 105337

તારીખ: 16.03.23

**આર.પી.એ.ડી.**

કેસ નં.૮૩/૨૨-૨૩

પ્રતિ,
શ્રી બાંભણીયા ભીખાભાઈ નાથુભાઈ,
અકતરીયા રોડ, ગુજરડા,
તા.મહુવા,
જી.ભાવનગર.

મો.નં- ૭૦૪૬૪૮૬૮૯૭

**વિષય :** ખેતીવાડી વિજ કનેકશનના લાઈન – પોલના મેઈન્ટેનન્સ અંગે.

**સંદર્ભ :** (૧) આપનો પત્ર તા.૧૯/૧૨/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૭/૧૨/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૩/૨૨-૨૩/૪૧૯૫ તા.૨૯/૧૨/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૩/૨૨-૨૩/૧૮૫ તા.૧૨/૦૧/૨૦૨૩.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૩/૨૨-૨૩/૪૧૪ તા.૩૧/૦૧/૨૦૨૩.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૩/૨૨-૨૩/૦૩ તા.૨૨/૦૨/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૭/૦૨/૨૦૨૩ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી-૧, **મહુવા.**

Grievance Re... P.G.V.C.L. Bhavnagar

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૮૩/૨૨–૨૩</u>** ☜

વાદી :– **શ્રી બાંભણીયા ભીખાભાઈ નાથુભાઈ,**

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૨૭/૦૨/૨૦૨૩</u>** ◈

હાજર રહયા :– **શ્રી બાંભણીયા ભીખાભાઈ નાથુભાઈ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા શ્રી વી.પી.જેઠવા, નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૧, મહુવા. (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી બાંભણીયા ભીખાભાઈ નાથુભાઈ, મું.ગુજરડા, તા.મહુવા, જી.ભાવનગરની ખેતીવાડી વિજ કનેકશનના લાઈન–પોલ ના મેઈન્ટેનન્સ અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૩/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૩/૨૨–૨૩/૪૧૯૫ તા.૨૯/૧૨/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૨૪/૦૧/૨૦૨૩, તા.૧૪/૦૨/૨૦૨૩ તથા તા.૨૭/૦૨/૨૦૨૩</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી બાંભણીયા ભીખાભાઈ નાથુભાઈ **<u>તા.૨૪/૦૧/૨૦૨૩, તા.૧૪/૦૨/૨૦૨૩</u>** હાજર રહેલ નથી, **<u>તથા તા.૨૭/૦૨/૨૦૨૩</u>** ના રોજ ઉપસ્થિત રહે છે. તથા પ્રતિવાદી તરફે શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા શ્રી વી.પી.જેઠવા, નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૧, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદાર ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાના ગુજરડા ગામે અખતરીય રોડ પર ખેતીવાડી ધરાવે છે. અરજદારની વીજકચેરી મહુવા રૂરલ–૧ છે.

૧.૨ તા.૧૭.૫.૨૦૨૧ ના રોજ વાવાઝોડામાં અરજદારની ખેતીવાડીની લાઈન પોલ પડી ગયેલ. તમામ ગ્રાહકોની લાઈન પડી ગયેલ હતી. અમુક વિસ્તારમાં બહારગામની ગેંગના કર્મચારીએ લાઈન ઉભી કરી પાવર ચાલુ કરેલ.

૧.૩ અરજદારને ટીસી પોલ સહીત ચાર પોલ પડી ગયેલ હોવાથી લાઈન લગાડેલ નહી. હાલ ૧૯ મહિનાથી કોઈ પોલ લગાડવામાં આવેલ નહી. કચેરીની બેદરકારીથી વાવેતર કરેલ નથી. મહુવા રૂરલ–૧ કચેરી દ્વારા બીલ આપવામાં આવે છે. વગર કનેકશને બીલના નાણાં ભરવા પડે છે. દરેક કચેરીના અધિકારીએ હેલ્પરને મોકલવા

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

જોઈએ. કઈ કઈ લાઈન પોલ પડેલ છે. ઉભા કરેલ નથી તેની વિગત જાણી ને કામ કરવું જોઈએ. લાંબો ટાઈમ થાય આજુંબાજુવાળાની ખેતીવાડીમાં મોલાત ઉભી હોય તો લાઈન ઉભી કરવામાં અવંધો પાડતા હોય છે. તો આપ સાહેબને અરજદારની ખેતીવાડીમાં પોલ લગાડવા હુકમ કરવા વિનંતી છે. પાવર ચાલુ કરાવવા વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ સવિનય સાથ ઉપરોકત વિષયના અનુસંધાને આપ સાહેબને જણાવવાનું કે, અત્રેની મહુવા ગ્રામ્ય–૧ પેટા વિભાગીય કચેરી પર ગ્રાહકશ્રી બાંભણીયા ભીખુભાઈ નાથુભાઈ ગામ–ગુજરડા, તા.મહુવા ગ્રાહક નં–૩૭૦૪૯/૦૫૫૧૯/૭, ૫ એચ.પી નું ખેતીવાડી કનેકશન આવેલ છે.

૨.૨ સદર ગ્રાહક દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભાવનગર સમક્ષ વાવાઝોડામાં ખેતીવાડી વીજ કનેકશનની લાઈન પોલ પડી ગયેલ પોલ લાઈન લગાડી વીજ કનેકશન ચાલુ કરાવવા અંગે અરજી કરેલ. જેને અનુસંધાને **કચેરી પરથી સદર સ્થળ તપાસ તા.૧૭.૦૧.૨૦૨૩ ના રોજ કરેલ સ્થળ તપાસ દરમ્યાન સદર ગ્રાહકશ્રી ને ત્યાં** ટેપિંગ થી ટોટલ ૮ પોલ ટી.સી.સ્ટ્રકચર આવેલ છે. જેમાંથી ૬ પોલે સ્થળ પર ઉભા છે તથા ૨ એચ.ટી પોલ અને ડી.પી સ્ટ્રકચર પડી ગયેલ અવસ્થામાં છે. વધુમાં ગ્રાહકશ્રી ને પુછતાં તથા તપાસ કરતા જણાવેલ છે કે, જે તે સમય દરમ્યાન કામગીરી કરવા માટે મજુરની ટુકડી આવેલ. પરંતુ, શેઢા પાડોશી દ્વારા વાંધો ઉઠાવેલ અને લાઈન કામગીરી કરવા દીધેલ નથી. આમ સદર કનેકશન ની લાઈન કામગીરી વાંધામાં હોવાને લીધે ગ્રાહકશ્રી ના સ્થળ પર લાઈન કામગીરી થઈ શકેલ નથી. જે આપ સાહેબની જાણ સારૂં.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી બાંભણીયા ભીખાભાઈ નાથુભાઈ, ગામ–ગુજરડા, તા.મહુવા દ્વારા તેમના ખેતીવાડી વીજ કનેકશનના પોલ તા.૧૭.૫.૨૦૨૧ ના રોજ વાવાઝોડામાં પડી જતાં તે અંગેની ફરીયાદ બાબતે પ્રતિવાદી દ્વારા ધ્યાન ન દેવાતા ફોરમ ને રજુઆત કરેલ છે.

૩.૨ આજરોજ ની તા.૨૭.૦૨.૨૦૨૩ ની ત્રીજી મુદતમાં બન્ને પક્ષકારો હાજર છે તથા તેમની રજૂઆતો કરેલ છે.

૩.૩ આ તબકકે ફોરમને જણાય છે કે, વાદી ની અરજી લાંબા સમયથી પ્રશ્નનો નિકાલ ન થવાને કારણે વાદીને ખેતી ના પાકોનું નુકશાન થયેલ છે તથા ૧૯ મહિના થી પોલ ઉભો ન કરતા, વગર કનેકશને બીલ ભરવા પડે છે.

૩.૪ પ્રતિવાદી દ્વારા તા.૧૭.૦૧.૨૦૨૩ ના રોજ તપાસ કરી, કામગીરી કરવાનો પ્રયત્ન કરેલ. પરંતુ, વાદીના પાડોશી દ્વારા શેઢા અંગેનો વિવાદ ઉભો કરી, કામ કરવા દીધેલ નહી. આ તબકકે પણ પ્રતિવાદી દ્વારા પોલીસ પ્રોટેકશન માંગી નીયમોનુસાર કાર્યવાહી કરવાની તસ્દી લીધેલ નંથી તેમ સ્પષ્ટ જણાય છે, જેની ફોરમે ગંભીર નોંધ લીધેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૫ આથી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદી એ દિવસ–૭ માં વાદીના પોલ મેઈન્ટેનન્સ ની કામગીરી પુર્ણ કરવી જે મુજબ ન થવાના સંજોગોમાં નાયબ ઈજનેરશ્રી ની જવાબદારી ફીકસ કરી ખાતાકીય કાર્યવાહી કરી ફોરમ ને જાણ કરવી.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :– **૨૭/૦૨/૨૦૨૩.**